# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 6-8-2024 Evening : 7.50 to 8.00 PM
Day : Tuesday National News

આકાશવાણી- સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

- લોકસભામાં ફાઇનાન્સ બિલની ચર્ચા દરમિયાન વિપક્ષોએ જીવન અને તબીબી વિમા પરનો જીએસટી દૂર કરવાની માંગણી કરી
- બાંગ્લાદેશની સ્થિતિ ઉપર ભારતની નજર હોવાનું વિદેશ મંત્રી એસ.જયશંકરનું સંસદમાં નિવેદન
- સંઘર્ષગ્રસ્ત બાંગ્લાદેશમાં નોબલ પુરસ્કાર વિજેતા ડોક્ટર મહોમ્મદ યુનુસને વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર બનાવવા પ્રસ્તાવ
- ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુને ફિજીનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત
- પેરિસ ઓલિમ્પિકમાં ભાલાફેકમાં નિરજ ચોપરાનો ફાઇનલમાં જ્યારે ભારતીય કુસ્તીબાજ વિનેસ ફોગટનો સેમિ ફાઇનલમાં પ્રવેશ

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE LS - FINANCE BILL

ફાઇનાન્સ બિલ, 2024ને વિચારણા અને પસાર કરવા માટે લોકસભામાં રજૂ કરાયું હતું.. આ બીલ ઉપરની ચર્ચાની શરૂઆત કરતા કોંગ્રેસના ડૉ.અમર સિંહે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રીય બજેટમાં માત્ર વધઉ

આવક ધરાવતા લોકોને જ રાહત આપવામાં આવી છે અને મધ્યમ અને ઓછી આવક ધરાવતા જૂથોની કાળજી લેવામાં આવી નથી. તેમણે કહ્યું કે, દેશનો કૃષિ વિકાસ ઘટી રહ્યો છે. ડૉ. સિંહે ખેડૂતોની આવક બમણી કરવાના મુદ્દે સરકાર પર સવાલ ઉઠાવ્યા હતા..

કોંગ્રેસના અન્ય સાંસદ દીપેન્દ્ર હુડ્ડાએ કહ્યું કે દેશમાં FDI સતત ઘટી રહ્યું છે. તેમણે પેટ્રોલ અને ડીઝલના એક્સાઈઝ ટેક્સમાં ઘટાડો કરવા અને એલઆઈસી અને મેડિકલ ઈન્સ્યોરન્સ પરથી જીએસટી દૂર કરવાની માંગ કરી હતી. તેમણે સરકાર પર હરિયાણા રાજ્ય સાથે પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો હતો.

ચર્ચામાં ભાગ લેતા, ભાજપના નિશિકાંત દુબેએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય બજેટમાં એન્જલ ટેક્સ નાબૂદ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે જે દેશના યુવાનોની સ્ટાર્ટ-અપ અને નોકરીની સંભાવનાઓને વેગ આપશે. તેમણે અગ્નિવીર યોજનાની ટીકા કરવા બદલ વિપક્ષ પર સવાલ ઉઠાવ્યા હતા. શ્રી દુબેએ સેન્ટ્રલ એજન્સીના દુરુપયોગના આરોપ પર વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે CBI અને EDને ભ્રષ્ટાચારના કેસો સામે કાર્યવાહી કરવા માટે સ્વતંત્રતા આપવામાં આવી છે.

ટીએમસી સાંસદ મોહઆ મોઇત્રાએ કહ્યું કે કેન્દ્રીય બજેટમાં મધ્યમ વર્ગ અને ગરીબો માટે કોઈ જોગવાઈ નથી. તેમણે કહ્યું કે ભારતમાં મધ્યમ વર્ગનો હિસ્સો 31 ટકા છે અને ગરીબો ભારતમાં 60 થી 65 ટકા છે.

એનસીપી શરદ પવાર જૂથના સાંસદ સુપ્રિયા શૂલેએ જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST પાછી ખેંચવાની માંગ કરી હતી.

## LS BLACK MONEY

નાણા મંત્રાલયે માહિતી આપી છે કે, ગત નાણાકીય વર્ષના અંત સુધીમાં, 17 હજાર કરોડ રૂપિયાથી વધુના 652 જેટલા કેસ અને કાળુનાણુ અને ઈમ્પોઝિશન ઓફ ટેક્સ એક્ટ હેઠળ 163 કાર્યવાહી શરૂ કરાઇ છે. લોકસભામાં એક લેખિત જવાબમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, જુલાઈથી સપ્ટેમ્બર 2015 વચ્ચે આ કાયદા હેઠળ 4 હજાર કરોડ રૂપિયાથી વધુની જાહેર ન કરાયેલી વિદેશી સંપત્તિ સાથે સંકળાયેલા 648 કેસ દાખલ કરવામાં આવ્યા હતા. રાજ્ય મંત્રીએ ઉમેર્યું હતું કે, આ કેસના લગભગ 2 હજાર 500 કરોડ રૂપિયાની વેરા અને દંડ વસૂલવામાં આવ્યાં હતાં.

## RS JAISHANKAR BANGLADESH-1

આજે બાંગ્લાદેશની સ્થિતિ પર સંસદના બંને ગૃહોમાં ભારતના વિદેશમંત્રીએ નિવેદન આપ્યુ હતું.. ડૉ એસ જયશંકરે જણાવ્યું હતું કે, હાલમાં, લગભગ 19 હજાર ભારતીયો બાંગ્લાદેશમાં છે, જેમાં 9 હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ઢાકામાં હાઈ કમિશનની સલાહ પર મોટા ભાગના વિદ્યાર્થીઓ ગયા મહિને જ ભારત પરત ફર્યા છે.

ડૉ. જયશંકરે લોકસભા અને રાજ્યસભાને માહિતી આપી હતી કે નવી દિલ્હી બાંગ્લાદેશમાં લઘુમતીઓની સ્થિતિને લઈને સ્થિતિ પર નજર

રાખી રહી છે. તેમના રક્ષણ અને સુખાકારીની ખાતરી કરવા માટે વિવિધ જૂથો અને સંગઠનો દ્વારાકામગીરી બજાવવામાં આવી રહી છે.. તેમણે કહ્યું કે ભારત આવી કામગીરીનુ સ્વાગત કરે છે પરંતુ જ્યાં સુધી કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી ઊંડી ચિંતા રહેશે. તેમણે કહ્યું કે ભારતીય સરહદ સલામતી દળોને પણ આ જટિલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સતર્ક રહેવાની સૂચના આપવામા આવી છે..

તેમણે કહ્યું કે બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાએ દેખીતી રીતે સુરક્ષા સંસ્થાઓના નેતાઓ સાથે બેઠક કર્યા પછી તેમના પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. તેમણે માહિતી આપી હતી કે શેખ હસીનાએ સલામતી માટે ભારત આવવાની વિનંતી કરી હતી અને ગઈકાલે સાંજે તેઓ દિલ્હી આવ્યા હતા.

છેલ્લા 24 કલાકમાં, નવી દિલ્હી પણ ઢાકાના સત્તાવાળાઓ સાથે નિયમિત સંપર્કમાં છે. વિદેશ મંત્રીએ ઉમેર્યું હતું કે બાંગ્લાદેશમાં સ્થિતિ હજુ પણ વણસી રહી છે. બાંગ્લાદેશના આર્મી ચીફ, જનરલ વકર-ઉઝ-ઝમાને ગઈકાલે રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું અને જવાબદારી સ્વીકારવા અને વચગાળાની સરકારની રચના વિશે વાત કરી હતી.

પડોશી દેશમાં ભારતની રાજદ્વારી હાજરી અંગે કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે ઢાકામાં ઉચ્ચાયુક્ત ઉપરાંત ચિત્તાગોંગ, રાજશાહી, ખુલના અને સિલ્હટમાં સહાયક ઉચ્ચાયુક્ત છે. તેમણે કહ્યું કે ભારત અપેક્ષા

રાખે છે કે વર્તમાન સરકાર આ સંસ્થાઓ માટે જરૂરી સુરક્ષા પ્રદાન કરશે અને પરિસ્થિતિ સ્થિર થયા પછી તેમની સામાન્ય કામગીરી શરૂ કરશે

## BANGLASESH INTRIM GOVT

સરકાર વિરોધી વિદ્યાર્થી ચળવળને કારણે બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની રચના માટેની તૈયારીઓ ચાલી રહી છે. ચળવળના સંયોજકોએ નોબેલ પુરસ્કાર વિજેતા ડૉ. મુહમ્મદ યુનુસને દેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એક મુખ્ય સંયોજક નાહિદ ઇસ્લામે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરેલા એક વિડિઓ સંદેશ દ્વારા આ જાહેરાત કરી હતી. સંયોજકોના જણાવ્યા અનુસાર, ડૉ. યુનુસ આ ભૂમિકા નિભાવવા માટે સંમત થયા છે.

બાંગ્લાદેશમાં પોલીસ અને વિદ્યાર્થી આંદોલનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી જેમાં ૧૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પ્રચંડ વિરોધને કારણે શેખ હસીનાએ વડા પ્રધાન તરીકે રાજીનામું આપ્યા પછી રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને દેશ ચલાવવા માટે વચગાળાની સરકાર બનાવવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## PRISIDENT FIJI

ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે ફિજીના રાષ્ટ્રપતિ રતુ વિલિયામે મૈવાલી કેટોનિવરે સાથે દ્રીપક્ષિય બેઠક યોજી હતી.. બંને નેતાઓએ  ભારત-ફિજી સંબંધોને વધુ ગાઢ બનાવવાની ચર્ચા કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત પેસિફિક આઇલેન્ડ કન્ટ્રીઝ સાથે આપણા સંબંધો અને વિકાસ ભાગીદારીને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં ફિજી એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.

સ્ટેટ હાઉસ ખાતે ફિજીના પ્રમુખે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુને ફિજીનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર - કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજીનો એનાયત કર્યો હતો. રાષ્ટ્રપતિ મુર્મુએ ગત ફેબ્રુઆરીમાં ભારત દ્વારા શરૂ કરાયેલા 'સોલારાઇઝેશન ઓફ હેડ્સ ઓફ સ્ટેટ રેસિડન્સ' પ્રોજેક્ટની પ્રગતિને પણ નિહાળી હતી,

ત્યાર પછીના કાર્યક્રમમાં રાષ્ટ્રપતિએ ફિજીની સંસદને સંબોધન કર્યું હતું. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને ફિજી બંનેમાં ઘણી સમાનતા છે, જેમાં જીવંત લોકશાહીઓનો પણ સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ ઉમેર્યું હતું કે,  આબોહવામાં પરિવર્તન અને માનવ સંઘર્ષો જેવા બે વૈશ્વિક પડકારોને દૂર કરવા પર બંને દેશો ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા  છે. આ કાર્યક્રમ બાદ  ફિજીનાં પ્રધાનમંત્રી સિતીવેની રાબુકાએ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ દ્વીપક્ષિય ઐતિહાસિક સંબંધોને આગળ વધારવા તથા બંને દેશો વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવા સંમતિ વ્યક્ત કરી હતી.

## VARANASI COLLAPSE

વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં આવેલી બે ઈમારતો આજે સવારે ધરાશાયી થતાં એક મહિલાનું મોત થયું હતું જ્યારે ૭ અન્ય ઇજાગ્રસ્ત થયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઘટના વિશે વારાણસીના કમિશનર કૌશલ રાજ શર્મા સાથે વાત કરી હતી અને અસરગ્રસ્ત લોકોને મદદ કરવા સૂચના આપી હતી. પોલીસ,NDRF, ડોકટરો અને ડોગ સ્કવોડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.. આ દુર્ઘટનાના તમામ ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. કમિશનર વારાણસી કૌશલ રાજ શર્માએ જણાવ્યું હતું કે કાશી વિશ્વનાથ મંદિર પાસે જૂના અને જર્જરીત મકાનોના માલિકોને તેમની પોતાની સુરક્ષા માટે આગામી બે કે ત્રણ મહિના માટે અન્ય સ્થળોએ સ્થળાંતરિત થવા કહેવામાં આવ્યું છે.

## INDIAN HC UK-ADVISORY

દેશના કેટલાક ભાગોમાં હિંસક વિરોધ અને અથડામણોને પગલે લંડનમાં ભારતના હાઈ કમિશને યુનાઈટેડ કિંગડમની મુલાકાત લેવાનું આયોજન કરતા ભારતીય નાગરિકો માટે મુસાફરીની ચેતવણી જાહેર કરી છે. પ્રવાસીઓને યુકેની અંદર મુસાફરી કરતી વખતે જાગ્રૃત રહેવા અને સાવચેતી રાખવા સલાહ આપી છે. સાઉથપોર્ટમાં છરાબાજીની ઘટનામાં ત્રણ બાળકોના મોત થયા બાદ વિરોધને કારણે સમગ્ર યુકેમાં અશાંતિ પ્રવર્તી રહી છે.. આ સંઘર્ષના પગલે ભારતીય નાગરિકો માટે મુસાફરી માટે સૂચના

જાહેર કરવામાં આવી છે. ગેરસમજને કારણએ વિવિધ શહેરોમાં હિંસક વિરોધ અને અથડામણ થઈ હતી. હાઈ કમિશને ભારતીય મુલાકાતીઓને સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલ સ્થાનિક સમાચાર અને સુરક્ષા ચેતવણીનું પાલન કરવા જણાવ્યું છે.

## PARIS OLIMPICS

પેરિસ ઓલિમ્પિકમાં, ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટે મહિલાઓની 50 કિગ્રા ફ્રી સ્ટાઇલ ક્વાર્ટર ફાઇનલમાં યુક્રેનની ઓક્સાના લિવાચને 7-5થી હરાવી હતી..આ સાથે જ વિનસે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. વિનેશ, આજે ચેમ્પ-ડી-માર્સ એરેના ખાતે સેમિફાઇનલમાં ક્યુબાના યુસ્નેલિસ ગુઝમેન લોપેઝ અથવા લિથુઆનિયાના ગાબીજા ડિલિટે સામે ટકરાશે.

જ્યારે નીરજ ચોપરાએ ભાલા ફેંકની ક્વોલિફિકેશન ઈવેન્ટની શરૂઆત 89.34 મીટરના થ્રો સાથે કરી હતી અને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યાં કિશોર ગ્રુપ A ક્વોલિફિકેશન રાઉન્ડમાં 15મા સ્થાને રહ્યો હતો.

આ ઉપરાંત હોકીમાં, ભારત અને જર્મની હોકી સેમિફાઇનલ આજે રાત્રે 10:30 વાગ્યે યવેસ-ડુ-મનોઇર સ્ટેડિયમમાં રમાશે.